શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુંક

વર્ષ : ૧૫
અંક : ૧૦

## શુભ દિપાવલી...

## નૂતન વર્ષાભિનંદન...





**પ્રકાશબિંદુ**

દિવાળી એ જીવનના જે કોઈ ખૂણામાં અંધકાર હોય ત્યાંથી તેને દૂર કરીને ત્યાં પ્રકાશબિંદુ પ્રગટ કરવાનો તહેવાર છે. તેને બરાબર ઉજવવા માટે માત્ર ભૌતિક–સ્થુળ સાધનો જ ભરપૂર જોઈએ તે વાત સાચી નથી. ઉજવણી માટે થોડા પણ સાધન–સામગ્રી તો જોઈએ જ છે તેની ના નથી પણ તેમાં સાધન સામગ્રી કરતાં વધુ મહત્વ આપણા મન અને જીવનદ્રષ્ટિની આંતરિક સજજતાનું છે. સાધન ઓછા હશે પણ મનમાં ભરપૂર ઉમંગ હશે તો દીપોત્સવીના તહેવાર ઝગમગી ઉઠશે. બીજી બાજુ સાધન સામગ્રી–સંપત્તિ વિપુલ હશે પણ મનમાં માત્ર ગુંચવાડો અને નર્યો અંધકાર–માત્ર સ્વાર્થવૃતિ હશે તો દીપોત્સવીના લાખ દીવા છતાં કશું જ ઉજળું નજરે નહીં પડે અને મનમાં કયાંય તેજનું કિરણ જોવા નહી મળે !

સૌથી મહત્વની બાબત તો દીપોત્સવી પર્વ જેને માટે છે તે પ્રકાશ અને પ્રસન્નતા કેટલા અંશે આપણા મનમાં આપણી જીવન દ્રષ્ટિમાં  આપણે પ્રસરાવીએ છીએ તે જ છે. આપણે જોઈએ છીએ કે એક સામાન્ય સ્થિતિનું કુટુંબ પોતાના મર્યાદિત સાધનો સાથે દીપોત્સવીના દિવસો રંગેચંગે ઉજવે છે. મનમાં આનંદનો સંચય કરે છે. જાણે આખા વર્ષનો થાક ઉતારી નાખે છે અને નવા વર્ષ માટે

**સારા માણસ થવા માટે રૂપ બદલવાની જરૂર રહેતી નથી પરંતુ પોતાના ગુણ બદલવાની જરૂર છે.**

કાર્યરત થવાનો ઉત્સાહ–ઉમંગ પણ મેળવી લે છે.

બીજી બાજુ એક કુટુંબ શ્રીમંત છે. તેને કશી ખોટ નથી. પણ તેના મન હૃદયમાં કોઈ ઉમંગ કે ઉમળકો નથી. દિવાળીના તહેવારો પૂરી ધામધૂમ સાથે ઉજવે છે પણ તેમાંથી તેને કોઈ સુખ પ્રાપ્ત થતું નથી. આખા બંગલાને રોશનીથી ઝગમગાવે છે આ અજવાળામાંથી એક પણ ટીપું એમના અંતરને અજવાળતું નથી. તમે એમના પ્રકાશના દીવાઓથી શોભી રહેલા બંગલા કે બગીચાની પ્રશંસા કરો તો તેઓ કહેશે કે એ તો તમને એવું લાગે, બાકી વિજળી કેટલી મોંઘી થઈ ગઈ છે. વિજળીનું બીલ કેવું મોટું આવશે તેનો વિચાર કરું છું ત્યારે છાતી બેસી જાય છે. દીપોત્સવીના તહેવારોમાં પોતાની શ્રીમંતાઈના પ્રદર્શનરૂપે તેમને ત્યાં મીઠાઈના થાળ અને સૂકા લીલા મેવા કાજુ કીસમીસ બદામ બધુ જ જોવા મળશે. પણ એમની ફરિયાદ ચાલુ થઈ જશે. અરે મેવા મીઠાઈ કેટલા મોંઘા થઈ ગયા છે. બદામ, કાજુ, અંજીર, અખરોટના ભાવ તમને એમ જ થાય કે બદામનું મીજ નહી, તમે ભૂલથી એમની નવી કડકડતી ચલણી નોટ જ ચાવી ગયા છો!

દરેક કુટુંબની દરેક દીવાળી કંઈ એક સરખી જતી નથી. સુખ દુઃખનું ચક્ર ચાલ્યા કરે છે. લાભ થાય છે, નુકસાન થાય છે. કોઈક સારો પ્રસંગ બને છે. કોઈક માઠો પ્રસંગ બને છે. એક બાળકની તબિયત સુધરે છે, બીજા એકની તબિયત બગડી હોય તેવું પણ બને છે. જીવનની આ ચડઉતરથી કોઈ બાકાત રહેતું નથી પણ આ બધા છતાં જીવનમાં શુભ મંગલમાંથી શ્રધ્ધા ના ગુમાવવી, જીવનના ઉમંગ અને ઉત્સાહનો ઝરો સૂકવા ના દેવો, હાડમારી મુશ્કેલી અને દુઃખથી હતાશ થઈને નાસી પાસ થઈ ના જવું એવી મનની સ્વસ્થતા અને પ્રસન્નતાના ઉત્સવનો આ તહેવાર છે. દીપોત્સવી ધોંધાટ–બુલંદ ધડાકા કે આંખો બાળી નાખે તેવા ભડાકાના પ્રદર્શનનો તહેવાર નથી. તે તો રંગોળી, શાંત તેજ ના દીવડા, અતિથિપ્રેમ, સ્નેહમિલન અને ઉમંગભરી ઉજવણીનો ઉત્સવ છે. દીપોત્સવી એટલે આપણે સૌ સુખી થઈએ. આપણે સૌ સાથે સુખી થઈએ. એવી ભાવનાનો ઉત્સવ.

**સાભાર:સારાંશ રીડગુજરાતી.કોમના લેખમાંથી..**

**<u>પ્રિય વાચક મિત્રો,</u>**

ટપક માટે આપ, સહયોગ રાશિ મોકલી શકો છો. ટપકને મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફટ થી ‘‘શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર’’નાં નામે મોકલવા વિનંતી છે. આપની આસપાસ બનતા બનાવો કે જે બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો તેથી અન્ય લોકો તે વિશે માહીતગાર બનશે.

**જેની પાસે આપવાની પણ હિંમત નથી તે લેવાને માટે પણ પાત્ર નથી.**

## જાણવા જેવુ :

- જર્મનીના વૈજ્ઞાનિક મત પ્રમાણે ઉંદર તથા કબુતર ડોલ્ફીન કરતા વધારે સમજદાર હોય છે.
- દુનિયામા ૬,૮૦૦ ભાષા છે.
- ભારતમાં રેલ્વે એન્જિન બનાવવાનુ કામ ચિત્તરંજન અને વારાણસીમાં થાય છે.
- યુએફઓનો ઉલ્લેખ બાઈબલમાં પણ જોવા મળે છે.
- ૧૯૩૨માં શિયાળામાં નાયગ્રા ધોધ સંપુર્ણપણે થીજી ગયો હતો.
- મોનાલીસાને એક જ આઈ બ્રો હતી.
- વિશ્વવિખ્યાત સાહિત્યકાર વર્જિનિયા વુલ્ફે પોતાના બધા પુસ્તકો ઉભા ઉભા લખ્યા હતા.
- બિલાડી પોતાના જીવનનો અડધો ભાગ તો સુવામાં જ પસાર કરે છે.
- ઈટાલિયન ભાષામાં સૌથી ઓછા શબ્દો છે.
- સર આઈઝેક ન્યુટને તેમના સંસદના કાર્યકાળ દરમિયાન માત્ર એક જ વાર શબ્દો ઉચ્ચાર્યા હતા અને તે પણ સંસદગૃહની બારી ખોલવા માટે તેમણે કરેલી વિનંતી હતી.
- આઝાદી વખતે ભારતમાં ૫૬૨ રાજયો હતા.
- વિશ્વમાં કુલ ૨૪૯ દેશો છે.
- લોકસભામાં એક પણ દિવસ ન જનાર પ્રથમ ભારતીય પ્રધાનમંત્રી ચૌધરી ચરણસિંહ હતા.
- દુનિયાની તમામ કીડીઓનુ વજન વિશ્વના તમામ મનુષ્યો કરતા વધારે છે.

## હાસ્યમેવ જયતે!!!

ઈંગ્લેન્ડના વડાપ્રધાન ગ્લેડસ્ટન રેલ્વેના ત્રીજા વર્ગમાં મુસાફરી કરી રહ્યા હતા એ જોઈને એક મિત્રે કહ્યુંઃ  તમારો પુત્ર હંમેશાં ફર્સ્ટ કલાસમાં મુસાફરી કરે છે ને તમે આ દેશના વડાપ્રધાન હોવા છતાં થર્ડ કલાસમાં ? ગ્લેડસ્ટને તેમના ખભે હાથ રાખીને જવાબ આપ્યોઃ હું એક ખેડૂતનો પુત્ર છું, જયારે એ એક વડાપ્રધાનનો.

એક ભિખારી એક શેઠ પાસે ગયો અને બોલ્યો, સાહેબ! આ ગરીબ ભિખારીને એક રૂપિયો આપો. શેઠઃ કંઈક વ્યવસ્થિત તો માંગ, એક રૂપિયામાં આવે છે શું ? ભિખારીઃ હું માણસની આપવાની લાયકાત જોઈને માંગુ છું !

એક શ્રીમંત શેઠે નવો નોકર રાખ્યો હતો. શેઠે એક વખત તેને પાણી લાવવા કહ્યું. નોકર તરત પાણીનો ગ્લાસ લઈને આવ્યો. શેઠે તેને ધમકાવતા કહ્યું, મૂરખ! પાણી આ રીતે અપાય ? ટ્રેમાં મૂકી લાવવું જોઈએ, સમજયો? નોકરે થોડી વારે ટ્રેમાં પાણી લઈને હાજર થતા કહ્યું,શેઠ ! આ ટ્રેમાનું પાણી ચમચી વડે પીશો કે પછી ચાટી જશો.

નટુઃ મારી પત્ની એટલી બધી હોશિયાર છે કે એ કોઈ પણ સ્થળે કે સમયે કલાકો સુધી ગમે તે વિષય ઉપર બોલી શકે છે.
ગટુઃ એમા શુ વળી? મારી પત્ની તો વિષય વગર પણ ગમે તેટલો સમય બોલી શકે છે!!!

**સુંદર લોકો હંમેશા સારા નથી હોતા જયારે સારા લોકો હંમેશા સુંદર હોય છે.**

## ઓરીએન્ટેશન વર્કશોપ–ઉના

સીએડીપી–ર અંતર્ગત પેયજળ અને સ્વચ્છતાની પ્રવૃતિઓ માટે લોકભાગીદારીથી યોજના સંચાલનની પ્રક્રિયા તથા તે માટે લોકોની સામેલગીરીનું મહત્વ સમજવા કાર્યશાળા યોજાઈ. કોસ્ટલ સેલીનીટી સેલ તથા ડીસ્ટ્રીકટ વોટર એન્ડ સેનીટશન યુનિટ સાથે રહી આઈએસએ તરીકે શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રએ યોજેલ આ કાર્યશાળામાં ડીડબલ્યુએસયુ, સીએસપીસી, એસએસકેકે ટીમ તથા વિવિધ ગામોના તલાટી કમ મંત્રીશ્રીઓ અને સરપંચશ્રીઓ એમ મળી કુલ ૪૦ વ્યકિતઓ ઉપસ્થિત રહયા હતા.

ઉપસ્થિત સૌ સહભાગીઓએ સાથે મળી પ્રાર્થનાથી આ કાર્યશાળાનો પ્રારંભ કર્યો હતો. સીવીલ એન્જીનીયરશ્રી શ્વેતાએ સૌનું સ્વાગત કર્યુ હતુ. ઉપસ્થિત સૌ સહભાગીઓએ પોતાના પરિચય આપ્યા હતા

સીએસપીસીના આ કાર્યક્રમના પ્રોગ્રામ મેનેજર શ્રી અરવીંદ પરમારએ વોટર એન્ડ સેનીટેશન મેનેજમેંટ ઓર્ગેનાઈઝેશન (વાસ્મો) અને સીએસપીસીના સંયુકત ઉપક્રમે બનેલ સીએડીપી ફેઝ–રનો પરિચય આપી દરિયા કાંઠાના વિસ્તારમાં ખાસ કરીને પાણીની ગુણવતા, પાણીના સ્ત્રોત અને વ્યસ્થાપનને ઘ્યાનમાં લઈ આ કામને સારી રીતે અને સમયસર ચલાવવા માટે કરેલ આયોજનની વાત કરી હતી. તેમણે સીએસપીસી, વાસ્મો, આઈએસએના કાર્યો અને ભૂમિકા જણાવી હતી.

પ્રોજેકટ સંચાલનના પગથીયા શ્રી સંજયભાઈ



**નળ બંધ કરવાથી પાણી બંધ થાય છે પણ ઘડિયાળ બંધ કરવાથી સમય બંધ થતો નથી.**

સોજીત્રા (કોઓર્ડીનેટર, ડીડબલ્યુએસયુ)એ સમજાવ્યા હતા. જેમાં શ્રી એચ.એલ.ડેર, શ્રી પ્રવિણભાઈ જાલંધરા સહયોગમાં રહયા હતા.

લોકફાળો એકત્ર કરવાનું કે લોકોની યોજનામાં સામેલગીરી બાબતે પાણી સમિતીની ભૂમિકા સ્પષ્ટ કરતા શ્રીરામભાઈ ખાંભલાએ પોતાની રમુજી તેમજ આગવી શૈલીમાં રજુઆત કરી હતી. લોકો પોતાની સુવિધા માટે થતા કાર્યોમાં તેઓ ચોકકસ રસ પુર્વક ભાગ લે પરંતુ તે માટે જરુરી હોય તેવી તમામ માહિતીઓ લોકો સુધી પહોચતી રહે તેમજ સૌને વિશ્વાસમાં લઈને ચાલીએ તો લોકફાળો એકત્ર કરવાનુ પાણી સમિતીને સહેલુ થઈ જાય છે તેવા અમારા અનુભવો છે. જેના તેમણે ઉદાહરણો પણ આપ્યા હતા.

શ્રી નટુભાઈ મકવાણા (જનરલ મેનેજર, સીએસપીસી) કે જેઓના સરકારશ્રી સંસ્થાઓ સાથેના પોતાના અનુભવોને જોડી સહભાગીઓને સરપંચ, તલાટી કમ મંત્રીશ્રી, ગામના આગેવાનો એમ ત્રણ વિભાગમાં વહેચી અત્યાર સુધીમાં જે વાતો થઈ તે બાબતે જાણકારી ચકાસવા તેમજ આયોજન માટેના મુદાઓ પર ચર્ચા કરવા માટે તેઓની વ્યકિતગત તથા જુથમાં ચર્ચા કરાવી તેમાથી નીકળી આવેલી બાબતોમાં સહભાગીઓ આ કામ માટે રચાયેલ માળખાને સમજી શકયા છે. તે જાણવા મળ્યુ તેમજ ગામવાર થયેલ આયોજનની વિગતો રજુ કરી હતી.

સોશીયલ મોબીલાઈઝર શ્રી દયાએ સૌનો આભાર માની કાર્યશાળાનું સમાપન કર્યુ હતુ.



**આળસ આપણને આકર્ષિત લાગે છે પરંતુ કર્મ આપણને સંતોષ આપે છે.**

## અસંગઠિત ઉદ્યોગધંધા અને અર્થતંત્ર

ભારતનું ઔદ્યોગિક ઉત્પાદન છેલ્લા કેટલાક સમયથી ધીમું પડી ગયું છે. જુલાઈ માસનો ઔદ્યોગિક ઉત્પાદનનો નોંધાયેલો ૨.૮ ટકાનો વધારો ઓગસ્ટ ૨૦૧૩માં માત્ર અડધા ટકાથી થોડો વધારે ૦.૬ ટકા નોંધાયો છે. બધાને ડર છે કે આના કારણે ભારતનો વાર્ષિક આર્થિક વિકાસ દર હજુ નીચે જશે.

હકીકતો તો એમ સુચવે છે કે, ૧૯૯૧–૯૨ માં ઔદ્યોગિક ઉત્પાદનનનો આ હિસ્સો ૨૭.૨ ટકા હતો તે ૨૦૧૧–૧૨ માં ઘટીને સતાવીસ ટકા થયો છે. ઉદારીકરણ પછીનો વિકાસ રોજી વગરનો છે એને સહુ કોઈ સ્વીકારે છે. એ પણ બધા સ્વીકારે છે કે દર વર્ષે કૃષિક્ષેત્ર પર નભતા લોકો ગામડા છોડીને રોજીની શોધમાં વધુને વધુ શહેરો તરફ આવી રહયાં છે. ખેતી અને ઉદ્યોગક્ષેત્રની આવી હાલત હોય તો પછી ભારતમાં આર્થિક વિકાસને કોણ બળ પુરું પાડે છે. એ જાણવું ખૂબ અગત્યનું બની ગયું છે. ભારતના ગામડા અને કસ્બાઓ–નાના શહેરો જે વિદેશીઓની અને શહેરી ઉચ્ચવર્ગની નજર બહાર રહયાં છે તે હકીકતમાં પરિવર્તન પામી રહયાં છે. છેલ્લા એક દાયકામાં, આમાં ઘણા ફેરફારો થયા છે. ગયા એક દશકમાં નવા રસ્તા બંધાયા છે. લગભગ પ્રત્યેક પાસે મોબાઈલ ફોન આવી ગયો છે. વિજળી વધુ વ્યાપક બની છે, મહેસૂલી દસ્તાવેજોનું કોમ્પ્યૂટરાઈઝેશન થવા માંડયું છે. હવે રાંધવાના ગેસના બોટલ જોવા મળવા લાગ્યા છે. કાચા ઝુંપડાઓને જગ્યાએ ઈંટ અને સિમેન્ટનાં રહેઠાણો વધવા મંડયાં છે, પરિણામે ઘરની નિભાવણીનો બોજ ઘટયો છે. આ બધી બાબતોમાં પડી રહેલો ફરક બતાવે છે કે, અહીં વસતાં લોકો ટૂંકી ખેતીને બદલે નવા ધંધા તરફ વળી શકે તેમ છે. વિવિધ ફરસાણ અને ગુલાબજાંબુ કે ડેરીની બનાવટો વધુ મળતી થવા લાગી છે. આનું ઉત્પાદન નાના શહેરોમાં પણ થવા લાગ્યું છે. ભોપાલ પાસેનાં બે ગામડાંનાં સર્વેક્ષણમાં જણાયું છે કે, એક ગામડું ૨૦૦૯ થી રસ્તાઓ જોડે જોડાયેલું છે. જયારે બીજુ કીચડવાળા રસ્તાવાળું છે. જે ગામ રસ્તાથી જોડાયેલું છે ત્યાં બીજા ગામડાની તુલનામાં જમીનના ભાવ ત્રણ ગણા છે અને ૫૦ ટકા વધુ રોજી મેળવે છે. જોડાયેલા ગામના લોકોના બહારનો વ્યવહાર વધી રહયો છે. પણ સરકારી તંત્ર આ બદલાવની કવચિત નોંધ લે છે. આ પરિવર્તનનું સાચું મૂલ્યાંકન હજુ આંકડાઓમાં અટવાયેલું રહયું છે. ભારતના જીડીપીમાં લગભગ સાઠ ટકાનો હિસ્સો અને નેવું ટકા રોજી પૂરી પાડનાર અસંગઠિત અને સર્વિસ ક્ષેત્રનું સાચું મૂલ્યાંકન કરવું અઘરું છે. અસંગઠિત ક્ષેત્રમાં રોજી મેળવનારની ઉત્પાદકતા માપવી લગભગ અશકય છે. કેટલાક શહેરી તજજ્ઞો આમ થવાનો યશ

**જો તમને સાચી દિશા અને સમયનું જ્ઞાન ન હોય તો ઉગતો સુરજ પણ ડુબતો લાગી શકે છે.**

સરકારની 'મનરેગા' અને બીજી મોંઘીદાટ યોજનાઓને આપે છે.

અસંગઠિત અને સર્વિસક્ષેત્ર જ ભારતને પ્રાણવાયુ આપી રહયું છે. પણ આપણા રાજનેતાઓ અને આયોજનકારો તો મોટા સંગઠિત ઉદ્યોગો પાછળ આંધળી દોટ મૂકી રહયાં છે. ટેકનોલોજી તો દેશી કે વિદેશી, સાંગોપાંગ એના ખોળામાં ઉદ્યોગ ધંધાની હાલત દયાપાત્ર બની ગઈ છે.

સ્વરાજય પછી સંગઠિત મોટા ઉદ્યોગોને પૂરા ૬૫ વરસ, બાર પંચચવર્ષીય યોજનાઓ, દરેકમાં મબલખ જોગવાઈ મળી છે. છતાં ન જીડીપીમાંનો એનો હિસ્સો ધાર્યા પ્રમાણે વધ્યો છે ન એ પૂરતી રોજગારી આપી શકયુ છે. આમ ઝડપથી આગળ વધેલા યુરોપ, અમેરિકા, જાપાન બધા આજે મંદી અને દેવામાં ડૂબી રહયાં છે. આપણે વિચાર્યા વિના છૂટકો નથી. બરાબર એ જ ટાંકણે ૬૫ વરસ સુધી ઉપેક્ષાનો ભોગ બનેલા આ સંગઠિત ઉદ્યોગ ધંધા અને સેવાક્ષેત્રે ભારતના જીડીપીના પચાસ ટકા અને રોજીમાં નેવું ટકાનો હિસ્સો આપ્યો છે. કલ્પના કરો કે અમુક લાખો કરોડ રૂપિયા, વીજળી માળખાકીય સગવડો અને ગાંધી, લોહિયાએ કલ્પેલું મશિન એને મળ્યું હોત તો આજે ભારત કેવું હોત.

**સાભાર : દિવ્યભાસ્કર ૧૭/૧૦/૧૩માં પ્રસિધ્ધ થયેલ સનતભાઈ મહેતાના લેખના અંશો**

**ગઝલ**

રાતને આપણે સાચવી ના શકયા,
સૂર્ય માટે સમય ફાળવી ના શકયા.
જીવવાનું હવે એક ધારુંથયું.
શ્વાસની આવ જા તારવી ના શકયા.
જયારથી મન લઈ બેસવાનું કહ્યું
મૌન જેવું કદી જાળવી ના શકયા.
સાચવીને અમારે જવું કેટલે?
કોઈ ઈચ્છા અમે ઠાલવી ના શકયા
ઢોલ માફક પિટાઈ ગયા આખરે
જીંદગીને સતત પાલવી ના શકયા.

**કાવ્ય ગઝલ સંગ્રહ નિખાલસ માંથી સાભાર**

***<u>ચમકારા</u>***

ઈશ્વર પાસે માંગો કંઈક અને ના મળે તો નારાજ ના થતા કેમકે
ઈશ્વર એ નથી આપતો જે તમને ગમે છે પરંતુ તે એ આપે છે તમારા માટે સારુ હોય છે..!!
સત્ય હંમેશા પરેશાન જ હોય છે, પરંતુ સૌથી મહત્વપુર્ણ બાબત એ છે કે તે કયારેય પરાજય પામતુ નથી.
સારી સલાહનો માત્ર એટલો જ ઉપયોગ છે કે તમે તેને બીજા સુધી પહોંચાડી દો,
ખુદ પોતાને માટે એ કંઈ કામની હોતી નથી...!!
When life gives you a hundred reasons to cry, show life that you have a thousand reasons to smile...!!!

***પૈસાથી તમે બદલાતા નથી પણ તમારી આજુબાજુના માણસો બદલાઈ જાય છે.***

**Engage on this month**

| | |
|---|---|
| 2 | Team Meeting |
| 3-5 | Exposure Cum Traning, Dantivada |
| 3-5 | VHSC Refresher Traning, A'bad |
| 3-6 | WASMO (CADP-II) Training, Sayla |
| 3-5 | SKVAW Review Meeting, A'bad |
| 9 | GEC Meeting, Gandhinagar |
| 9 | WASMO (CADP-II) Visit at Junagadh |
| 12 | Core group Meeting, Amreli |
| 16 | CADP-II Orientation Workshop, Una |
| 24-25 | SASAKAWA Meeting, Delhi |
| 21-25 | SHG Training, Sabarkantha |
| 29-30 | Training on Search, Rescue and First Aid, A'bad |

**Happy Birthday**

| | |
|---|---|
| Aarti H. Joshi | 14-11-1978 |
| Anita G. Bhisal | 19-11-1987 |
| Dinesh B. Sonagra | 29-11-1979 |
| Hiral K. Khalpada | 04-11-1977 |
| Jayesh N. Sarvaiya | 07-11-1978 |
| Kalpna B. Gavit | 28-11-1979 |
| Manishkumar Shukal | 03-11-1969 |
| Mansukh B. Vekariya | 18-11-1973 |
| Nayna P. Gondaliya | 22-11-1993 |
| Punam H. Trivedi | 15-11-1979 |
| Parul V. Mahida | 23-11-1982 |
| Pooja K. Upadhyay | 14-11-1987 |
| Rehanabanu Chauhan | 05-11-1981 |
| Sukhdev K. Mori | 01-11-1984 |
| Tejash G Jobanputra | 23-11-1986 |

**માહિતી અધિકાર હેલ્પલાઈન : ૯૯૨૪૦૮૫૦૦૦**

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. Amreli/091/2012-14**
**Valid Upto 31/12/2014**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**જ્વલંત સફળતાનું એક જ રહસ્ય બીજા કરતા થોડુ વધારે કર્મ કરો.**